વ્રજવિહાર સોસાયટીના ભૂલકાઓએ સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું

મોડાસા, તા. ૨૬

ભારત સરકાર અને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છ ભારત - નિર્મળ ભારત અને ગુજરાત રાજ્યને સ્વચ્છ બનાવવાના આક્રમક અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં દેશની અને રાજ્યની સેવાકીય, શૈક્ષણિક સંસ્થાઓ, કોર્પોરેટ ઓફીસો, વાણિજ્ય સંસ્થાઓ જોડાઈ હતી અને સરકારની ઝુંબેશના સહભાગી બની હતી. પરંતુ ભારત દેશને સ્વચ્છ બનાવવાની વાત દિવાસ્વપ્ન જેવી બની રહી છે. દેશના દરેક ખૂણે - ખૂણે મોટાભાગે ગંદકીના ઢગલા ખડકાયેલા જોવા મળી રહ્યા છે. મોડાસા શહેરની સોસાયટીઓમાં નગરપાલિકા દ્વારા અનિયમિત સફાઈ કામગીરી હાથ ધરાતા માર્ગો પર ગંદકીના ઢગ ખડકાઈ જાય છે. શુક્રવારે વ્રજવિહાર સોસાયટીના ભૂલકાઓએ સોસાયટીના માર્ગો અને મકાનોની આસપાસ પડી રહેલી ગંદકી દૂર કરવાનો પ્રયત્ન કરતા ભૂલકાઓની પ્રવૃત્તિની સરાહના થઈ હતી.

મોડાસાની વ્રજવિહાર સોસાયટીના ભૂલકાઓ દ્વારા શુક્રવારના રજાના દિવસે રમત કે ફરવાની જગ્યાએ સોસાયટીમાંથી ગંદકી દૂર કરવાનો નિર્ણય લીધો હતો. સોસાયટીના બાળકોએ એકઠા થઈ સોસાયટીના રોડની સફાઈ હાથ ધરી સોસાયટીના રહીશોના ઘરે ઘરે સ્વચ્છતા અભિયાન અને જાગૃતિના બેનરો પ્રદર્શિત કરી ફાળો ઉઘરાવી બાળકોએ દરેક બંગલા દીધ ડસ્ટબીન - સુપડીઓ અને સાવરણા આપી સોસાયટીના રહીશોને સ્વચ્છતા જાળવવા અપીલ કરાઈ હતી. ભારત સ્વચ્છ બનાવવાની અભિયાનની અસર બાળકોમાં જોવા મળી હતી. સોસાયટી સ્વચ્છ અભિનાયમાં ખુશી ગાંધી, દક્ષ ગાંધી, જાનુ શેઠ, તિર્થ શેઠ, પ્રજાપતિ મેઘાણી, શ્લોક જીવતોડે, પલ ગાંધી, પૃષ્ઠી શેઠ, ઋષિ શેઠ, રિચીલ દોશીના આ કાર્યને સોસાયટીના રહીશોએ બિરદાવ્યું હતું. બાળકો દ્વારા સ્વચ્છતા અભિયાન અંગે નગરપાલિકાને પાઠ ભણાવતા હોય તેવા દશ્યો તાદશ્ય થયા હતા.

શામળપુર ગામે કારમાંથી ૯૮ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

શામળાજી, તા. ૨૬

અવરલ્લી જિલ્લા એલસીબી પોલીસે અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર શામળાજી નજીક આવેલા શામળપુર ગામની સીમમાંથી બાતમીના આધારે ઈન્ડીગો કારમાંથી ૯૮, ૪૦૦ રૂા. નો વિદેશી દારૂ ઝડપી પાડી કાર ચાલકની ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારુ ગુજરાત રાજયમાં ઘૂસાડવાનો ગુનો નોંધી ધરપકડ કરી જેલના હવાલે ધકેલી દીધો હતો. શામળાજી પોલીસે પ્રોહિબેશન એક્ટ હેઠલ ગુનો નોંધી મદદગારી કરનાર બૂટલેગરોને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા.

મુસ્લીમ સમાજે બકરી ઈદનો તહેવાર ઉજવ્યો

ભારત ભરમાં બકરી ઈદનો તહેવાર મનાવવામાં આવ્યો ત્યારે અરવલ્લી જાલ્લાના મોડાસા ખાતે પણ ઈદ નો તહેવાર હર્ષોલ્લાસ થી માનાવવામાં આવ્યો હતો. અને મોડાસાના માલપુર રોડ આવેલ ઈદગાહ ખાતે મોડાસાના મુસ્લીમ બિરાદરો દ્વારા ઈદની નમાજ અદા કરવામાં આવી હતી. આ ઈદગાહ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે નમાજ અદા કરાઈ હતી. અને ત્યારબાદ મુસ્લિમોએ એકબીજાને ગળે મળીને ઈદની શુભેચ્છા પાઠવી હતી. જયારે સમગ્ર વિશ્વ માંથી મુસ્લિમ બિરાદરો મક્કા - મદીના હજ પઢવા ગયા હતા. ત્યારે શેતાન કાંકરી ચાળા માં જે ભાગદોડ થઈ ત્યાં કેટલાય મુસલમાનો મોતને ભેટ્યા હતા. તેમને પણ આજે બે મીનીટનું મૌન પાડી દુઆ કરવામાં આવી હતી.

ગાંભોઈ ચાર રસ્તા પાસે ભારે વાહને ચક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ચાર રસ્તા પાસેથી બુધવારે પસાર થતા એક ભારે વાહને ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી બાઈક નં. જીજે-૯-એક-૬૫૮૧ને ટક્કર મારતા બાબુભાઈ પુંજાભાઈ ડાભી તથા તેમની પાછળ બેઠેલ કનુબેનને ઈજા થઈ હતી.

દરમિયાન કનુબેન અજાણ્યા વાહનની ટાયર નીચે આવી જતા તેમનું મોત નિપજ્યું હતું. જે અંગે બાબુભાઈ ડાભીએ બુધવારે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પ્રાંતિજમાં પાટીદારોએ બાલ મંદિરના બાળકોને લોલીપોપ આપી

સરકાર દ્વારા અનામતના લાભો ખાલી લોલીપોપ સમાન હોઈ પાટીદારોએ લોલીપોની લ્હાણી કરી

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત સમગ્ર જિલ્લાના પાટીદારોએ સરકારશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ અનામતના લાભોને ખાલી લોલીપોપ સમાન ગણાવી ઠેરઠેર પાટીદારો દ્વારા લોલીપોપની લ્હાણી કરવામાં આવી રહી છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ પાટીદારો દ્વારા લોલીપોપ આપવામાં આવી હતી.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા અનામતના લાભો જાહેર કરવા છતાં પાટીદારોમાં અનામતને લઈ પડઘા હજુ શાંત પડતાં ના હોય તેમ જણાઈ આવે છે અને દિવસે ને દિવસે પાટીદાર સમાજ દ્વારા સરકાર વિરુદ્ધ કંઈ ને કંઈ નવા નવા કાર્યક્રમોની વ્યૂહરચના લઈને આવે છે ત્યારે સરકારના જાહેર કરેલ લાભો ખાલી લોલીપોપ હોય તેવું પાટીદાર સમાજના લોકો જણાવી રહ્યા છે ત્યારે પ્રાંતિજ નાની ભાગોળ ખાતે

પણ પટેલ વાસ પાસે આવેલ સરદાર પટેલની પ્રતિમાને પાટીદારો ફુલહાર પહેરાવી આવેલ બાલમંદિરના બાળકોને લોલીપોપ આપવામાં આવી હતી. જયારે નગરપાલિકાના વોર્ડ નં. એકના તેમણાં વિસ્તારના કોર્પોરેટર અને પાલિકા ઉપપ્રમુખ પંકજભાઈ મોદીને પણ પાટીદારો દ્વારા લોલીપોપ આપવામાં આવી હતી અને પટેલવાસ વિસ્તારોમાં ઠેરઠેર કાર્યકરો તથા હોદેદારોને પ્રવેશ કરવો નહીં તેવા બેનરો (બોડ) લગાવવામાં આવ્યા હતા.

બાઈના મુવાડા ગામે કિશોરને ઝેરી જનાવર કરડતા મોત

પ્રાંતિજ, તા. ૨૬

પ્રાંતિજ તાલુકાના બાઈના મુવાડા ગામે ૧૩ વર્ષના બાળકને રાત્રીના સમયે ઘર આગળથી કોઈ ઝેરી જનાવર કરડતા મોત નિપજ્યું હતું.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ બાઈના મુવાડા ગામે ચૌહાણ રોહિતસિંહ સોમસિંહ ઉં.વ. ૧૩ કે જે બાઈના મુવાડા ગામે આવેલ પ્રાથમિક શાળામાં ધોરણ સાતમાં અભ્યાસ કરતો હતો અને તે ખેતરોમાં આવેલ તેના ઘરે રાત્રીના કોઈપણ સમયે તેને ઝેરી જનાવર કરડી જતાં તેને વહેલી સવારે પ્રાંતિજ ખાતે આવેલ આરોગ્ય કેન્દ્રમાં લાવવામાં આવ્યો હતો. જ્યાં હાજર તબીબી દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં વલસિંહ અમરસિંહ ચૌહાણની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલીસે ફરીયાદ નોંધી મૃતક યુવકને પીએમ માટે મોકલી આપવામાં આવ્યો હતો અને આગળની તપાસ હાથ ધરી હતી.

મોડાસાના ભોજીયાવાસમાંથી રીઢો ઘરફોડીયો ઝડપાયો

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે પોલીસ મહાનીરીક્ષકશ્રી ગાંધીનગરની સૂચના અન્વયે જિલ્લામાં બનેલ ઘરફોડ ચોરી, મિલ્કત સંબંધી ગુન્હાઓ અટકાવવા અને ઘરફોડીયાને ઝબ્બે કરવા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મોડાસાના ભોજીયાવાસ નજીક એલસીબી પોલીસને મળેલી બાતમીના આધારે ૬૨,૪૦૦ રૂ.ના મુદ્દામાલ સાથે ઘરફોડીયાને દબોચી લઈ વધુ તપાસ હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે બાતમીના આધારે એલસીબી પીઆઈ પી.કે. પટેલ અને તેમની ટીમે મોડાસા બસસ્ટેન્ડ નજીક આવેલા ભોજીયાવાસ નજીક વોચ ગોઠવી મોડાસાના ભોજીયાવાસમાં રહેતા લાંબડો પ્રકાશ રમણભાઈ વાઘેલાને નાની પ્લાસ્ટીકની થેલી એ વિમલ ગુટકાના થેલામાં સંતાડીને લઈ જવાતો ચોરીનો માલસામાન એલજી, સન્સુઈ, વિડીયોકોન કંપનીના ૫ એલસીડી ટીવી અને ટેબલપંખો કુલ મુદ્દામાલ ૬૨,૪૦૦ રૂ.ના સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. જિલ્લા એલસીબી પોલીસે લાંબડાની સઘન

પૂછપરછ કરતાં ઈલેક્ટ્રોનીક્સ માલસામાનની ચોરી ત્રણ માસ અગાઉ ધનસુરા ચારભુજા ઈલેક્ટ્રોનીક્સ દુકાન અને દસ દિવસ પહેલા ભિલોડાના બજારમાં આવેલી ઈલેક્ટ્રોનીક્સની દુકાનમાંથી ચોરી કરી હોવાનું ખુલ્યું હતું. આરોપીએ ૨૦૦૭-૨૦૦૮ અને ૨૦૧૦માં પણ જિલ્લાના મેઘરજ, ધનસુરા, માલપુર, ભિલોડા તેમજ ગોધરા પોલીસે કોમ્પ્યુટરની ચોરી, ઈલેક્ટ્રોનીક્સ માલ સામાનની ચોરી, કેબલ ચોરી, મોબાઈલ ચોરી જેવા સાતથી વધારે ગુન્હોમાં પકડાયેલ છે. ઘરફોડીયો હજુ અન્ય ઘરફોડ ચોરી સાથે સંકળાયેલો હોવાની અને તેની ગેંગમાં કેટલા માણસો ઘરફોડચોરીઓ સાથે સંકળાયેલા હોવાની શક્યતાના આધારે જિલ્લા એલસીબી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. લંગડા પાસેથી મોબાઈલ કિંમત રૂ. ૧૦૦૦ અને ઈલેક્ટ્રોનીક્સ માલસામાન ૬૨,૪૦૦ મળી કુલ ૬૩,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

મોડાસાના ટીંટોઈ નજીક રાજય ધોરીમાર્ગ પરના ખાડામાં બાઈક ખાબકતાં મહિલાનું મોત

અરવલ્લી જિલ્લાના રાજય ધોરીમાર્ગ ગોધરા-શામળાજી પર આવેલા ટીંટોઈ ગામ નજીક બનાવેલા ઓવરબ્રીજના છેડે રોડ પર પડેલા ખાડાએ શનિવારે બાઈક ખાડામાં ખાબકતાં બાઈક પર પાછળ બેઠેલી સગર્ભા મહિલા નીચે પટકાતાં શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા રાજસ્થાનની મહિલાનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતુ. બાઈક ચાલક અને મહિલાના પતિને શરીરે ઈજાઓ પહોચતા અકસ્માતના પગલે દોડી આવેલા ગામ લોકોએ સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા. અકસ્માતના પગલે દોડી આવેલા ગ્રામજનોએ હાઈવે બંધ કરી દેતાં ટ્રાફિકજામ સર્જાયો હતો.

મોડાસાના મોડાસા-શામળાજી રાજય ધોરી માર્ગ પર બનાવેલા ફોરલેન પર ચોમાસામાં વરસાદી પાણીથી મોટા ખાડાઓ પડી ગયા છે અને આજ ખાડાએ એક મહિલાનો ભોગ લેતાં

ગ્રામજનો ઉશ્કેરાયા હતા. ટીંટોઈ ગામ નજીક બનાવેલ ઓરવબ્રીજ નજીક જીવલેણ ખાડામાં રાજસ્થાનના ડુંગરપુરના રહીશ ગોસ્વામી વિરેન્દ્રભાઈ અને તેમનાં પત્ની સગર્ભા હોવાથી મોડાસા તબીબને બતાવવા આવ્યા હતા. સારવાર કરાવી આ દંપતિ પોતાના વતન પરત ફરી રહ્યું હતું. ત્યારે ટીંટોઈ પુલ નજીક પડેલા ખાડામાં બાઈક પટકાતાં અકસ્માત સર્જાયો હતો. બાઈક પાછળ બેઠેલા સગર્ભા મહિલા સંગીતાબેન ગોસ્વામી (ઉ.વ. ૨૩ આશરે) રોડ પર પટકાતાં શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જયારે તેમના પતિ વિરેન્દ્રભાઈના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. અકસ્માત અને ગ્રામજનોએ કરેલા હોબાળાની જાણ મોડાસા રૂરલ પોલીસને થતાં તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગ્રામજનોને સમજાવી ટ્રાફિક પૂર્વરત કરાયો હતો. મોડાસા રૂરલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી મૃતક મહિલાની લાશને પી.એમ. માટે મોકલી આપી હતી.

અકસ્માતમાં મહિલાનું મોત નિપજતાં ટીંટોઈ ગામના ગ્રામજનોએ ચક્કાજામ કર્યો

શામળાજી-મોડાસા રાજયધોરી માર્ગ પર ટીંટોઈ ગામે સર્જાયેલા અકસ્માતના પગલે મહિલાનું મોત નિપજતાં જનઆક્રોશ ફાટી નીકળ્યો હતો અને ગ્રામજનો હાઈવે ઓથોરિટી અને રોડ નિર્માણ કરનારી ખાનગી કંપની સામે વિરોધ વ્યક્ત કરી વારંવાર રજૂઆત કરવા છતાં ખાડાઓ ન પૂરાતાં આજે મહિલાને જીવ ખોવાનો વારો આવ્યો હતો. ગ્રામજનોએ રાજયધોરી માર્ગ પર હોબાળો મચાવતા વાહનોથી ધમધમતા માર્ગ પર ૫ કિ.મી. લાંબા ટ્રાફિક જામના દેશ્યો સર્જાયો હતો. મોડાસા રૂરલ પોલીસ અને ટોંટીઈ ગામના સરપંચની સમજાવટ બાજ ગ્રામજનોએ માર્ગ ખુલ્લો કરતા ટ્રાફિક પૂર્વરત બન્યો હતો.

મોડાસાના હજીરામાં જીપની ટક્કરે બાઈકચાલક ઘવાયો

મોડાસા, તા. ૨૬

મોડાસા શહેરના હજીરા વિસ્તારમાં સીમલા હોટલની સામે શુક્રવારે ૧૧ વાગ્યાના સુમારે અકસ્માતની ઘટના બની હતી. બુધવારે ૧૧ વાગ્યાની આસપાસ બોલુન્દ્રા ગામના મનુભાઈ અમરાભાઈ પરમાર બાઈક (ગાડી નં. જીજે. એઈ. ૮૦૧૬) લઈને મોડાસા શહેર કામકાજ અર્થે આવ્યા હતા. કામકાજ પૂર્ણ કરી બોલુન્દ્રા તરફ જતા હતા ત્યારે હજીરા વિસ્તારમાં આવેલી સીમલા હોટલની સામે બોલેરો જીપ ડાલાના ચાલકે પાસીંગ કર્યા વગરનું જીપડાલુ પૂરઝડપે ગફલત રીતે હંકારી જીપ ડાલુ (ચેસીસ નં. એમ.એ.૧૨ એફ-૨ જી.એચ.કે.એફ.જે. ૭૧૧૭૫) તથા એન્જીન નં. (જી.એચ.એફ. આઈ.જે.જે.૧૪૮૧) ના ચાલકે બાઈકને અડફેટે લેતાં બાઈલ જીપડાલાના આગળના ભાગે અંદર ઘૂસી જતાં બાઈક ચાલક નીચે પટકાતાં બાઈક ચાલકના માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્ત બાઈક ચાલકને સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. અકસ્માતનો ગુન્હો નોંધી ફરાર જીપડાલાના ચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી ઝડપી પાડવા કવાયત હાથ ધરી હતી.

મેઘરજ-મોડાસા માર્ગના નવીનીકરણ માટે ૫૦ કરોડ મંજૂર

ઈસરી, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની રાજસ્થાનની સરહદે અડીને આવેલ ઉન્ડવા, મેઘરજ, મોડાસાના બિસ્માર હાલતના ૩૪ કિ.મી. રાજયધોરી માર્ગને નવીનીકરણ અને ૭ મીટરમાંથી ૧૦ મીટર પહોળો કરવાની જોબવર્ક સાથે ૫૦ કરોડ રૂપિયા મંજુર કરતા સમગ્ર મેઘરજ, મોડાસા, માલપુર સહિત રાજસ્થાન જિલ્લામાં આનંદની લાગણી પ્રવર્તી છે.

વિગત એવી છે કે ૧૨૯ ગામડા અને દોઢ લાખની બક્ષીપંચ અને આદિવાસી વસ્તી ધરાવતા મેઘરજ તાલુકો રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાની સરહદે અડીને આવેલ તાલુકો છે. આ ઉન્ડવા, મેઘરજ, મોડાસા, રાજય ધોરી માર્ગ ઉપર મેઘરજ, માલપુર અને મોડાસા તાલુકાના સંખ્યાબંધ ગામડાને જોડતો આ માર્ગ છે. રાજસ્થાનની સરહદે અડીને આવેલ ઉન્ડવા, મેઘરજ, મોડાસા માર્ગ ઉપરથી રોજના ૧૦ હજારથી ઉપરાંત નાના-મોટા અને ભારવાહક વાહનો આવન-જાવન કરે છે. જેના કારણે આ ૩૪ કિ.મી.નો રાજય ધોરી માર્ગ બિસ્માર હાલત થવા પામ્યો હતો. બંને બાજુ સાઈડો તેમજ માર્ગ ઉપર બબ્બેથી પાંચ-પાંચ ફૂટના ભુવાઓ પણ પડવા માંડ્યા હતા. આ રાજસ્થાન સરહદને જોડતા ઉન્ડવા મેઘરજ મોડાસા માર્ગને નવીનીકરણ બનાવવા માટે મેઘરજ તાલુકાના પૂર્વમંત્રી હિરાજી ડામોર તેમજ તાલુકાના પદાધિકારીઓએ રાજય સરકારનો તેમજ સંસદ સભ્ય દિપસિંહ રાઠોડ અને જિલ્લા પ્રમુખ ભરતસિંહ રહેવરનું લેખિતમાં ધ્યાન દોર્યું હતું. આ પદાધિકારીઓએ રાજય સરકારમાં સબળ રજુઆત કરતાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ અધિકારીઓએ આ માર્ગનું સર્વે પણ કર્યું હતું. જેના કારણે માર્ગ મંત્રી નીતિન પટેલે આ પછાત આદિવાસી વિસ્તારના એવા મેઘરજ, મોડાસા, ઉન્ડવા ૩૪ કિ.મી. ધરાવતો રાજય ધોરી માર્ગ માટે ૫૦ કરોડ મંજૂર કરી જોબવર્ક પણ ફાળવી દીધો છે. સાથે સાથે આ માર્ગ ૭ મીટરની પહોળાઈમાંથી ૧૦ મીટર કરવામાં આવશે તેવું પણ જણાવવામાં આવ્યું છે. ઉન્ડવા, મેઘરજ, મોડાસા રાજય ધોરી માર્ગ માટે ૫૦ કરોડ રૂપિયા ફળવાતાં મેઘરજ તાલુકા તેમજ માલપુર તાલુસા અને મોડાસા તાલુકાના માર્ગ ઉપર આવતા ગ્રામ્ય વિસ્તારોમાં આનંદની લાગણી પ્રસરી છે. આ માર્ગ અંગે આગળની પ્રક્રિયા હાથ ધરવા સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીને સૂચના આપવામાં આવી છે.

મહેસાણાના દેદિયાસણમાં ફ્લેટમાં ઘુસી તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી ૬૦ હજારની લૂંટ

મહેસાણા નજીક દેદિયાસણ ઔદ્યોગિક વસાહત સામેના સ્વાગત ફ્લેટમાં ધોળા દિવસે કોઈ અજાણ્યા ઈસમોએ ઘુસી જઈને ફ્લેટમાં હાજર સસરા અને પુત્રવધુ પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેઓની નિર્મમ હત્યા કર્યા બાદ એલ.ઈ.ડી. અને મોનિટર મળી કુલ ૬૦ હજારની મત્તાની લૂંટ ચલાવી ક્યાંક નાસી છૂટ્યા હોનાનો ચોંકાવનારો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર મૂળ અમદાવાદ જીલ્લાના માંડલ તાલુકાના કામરોલ ગામના ગોસ્વામી પરિવાર મહેસાણા નજીકના દેદિયાસણ ઔદ્યોગિક વસાહત સામેના સ્વાગત ફ્લેટમાં રહેવા માટે આવ્યા હતા. સવારના સમયે આ પરિવારના પ્રહલાદપુરી રામપુરી ગોસલ્વામી સાયકલ પર પાણી ભરવા માટે ગયા હતા. જ્યારે તેમના બે દિકરાઓ બહાર ગયા હતા અને ફ્લેટમાં વૃદ્ધ સસરા રામપુરી ખોડપુરી ગોસ્વામી અને પુત્રવધુ મીનાબેન પ્રહલાદપુરી ગોસ્વામી બંને વ્યક્તિઓ હાજર હતા ત્યારે સવારના સાડા દશ વાગ્યાના સુમારે કેટલાક હથિયારધારી અજાણ્યા શખ્સો ફ્લેટમાં ઘુસી આવ્યા હતા. અને અચાનક સસરા તેમજ પુત્રવધુ પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેઓની કરપીણ હત્યા કરી હતી. બાદ ફ્લેટમાંથી એલ.ઈ.ડી. તથા મોનિટરની લૂંટ ચલાવી ક્યાંક નાસી ગયા હતા. આ ઘટના બાદ બહારથી પાણી ભરીને પરત આવેલા પ્રહલાદપુરીએ ફ્લેટમાં દેશ્ય જોતા હેબતાઈ ગયા હતા અને નજીકમાં આવેલ એક બિલ્ડરની ઓફીસે દોડી ગયા હતા અને ૧૦૮ની મદદથી ફ્લેટમાં ગંભીર રીતે ઘવાયેલા બંને વ્યક્તિઓને મહેસાણા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે બંનેને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવની જાણ થતાં મહેસાણા તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને અજાણ્યા શખ્સો વિરુદ્ધ ખૂન અને લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ સમાચાર લખાય છે ત્યાં સુધી આ ગુનામાં સંડોવેયાલા ગુનેગારોનું કોઈ જ પગેરું મળી શક્યુ નથી. શહેરમાં ધોળા દિવસે બનેલ હત્યા અને લૂંટની ચોંકાવનારી ઘટનાને પગલે લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

હિંમતનગર બસ સ્ટેન્ડમાંથી બે ખિસ્સા કાતરુ પકડાયા

હિંમતનગર, તા. ૨૬

ભાદરવી પૂનમ નિમિત્તે અંબાજી જવા માટે અનેક માઈભક્તો ધસારો કરી રહ્યા છે ત્યારે બુધવારે હિંમતનગરના મુખ્ય બસ સ્ટેન્ડમાં અંબાજી જવા આવેલા વિજયકુમાર નવજીભાઈ ગામેતી જ્યારે બસમાં ચઢવા જતા હતા ત્યારે વિનોદભાઈ રાજેશભાઈ પટણી અને પ્રવિણભાઈ રાજેશભાઈ પટણીએ તેમના ખિસ્સામાંથી રૂ. ૧૭૦૦ ચોરી લીધા હતા. જે અંગે બંને જણા પકડાઈ જતા વિજયકુમાર ગામેતીએ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પ્રાંતિજ આંટીયા વાસ ગણેશ મંડળ દ્વારા સાતમો ગણેશ મહોત્સવની ઉજવણી

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં શ્રી વિઘ્નહર્તા ગણેશનું ઠેરઠેર સ્થાપના બાદ વિવિધ પંડાવો દ્વારા રાત્રીના સમયે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં નાની ભાગોળ આંટીયાવાસ ખાતે પણ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

પ્રાંતિજ આંટીયાવાસ ગણેશ યુવક મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સાતમો ગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે જેમાં સવાર સાંજ દાદાની આરતી ઉતારી બાપ્પાને ભાવતાં ભોજન તથા પ્રસાદ ચઢાવવામાં આવે છે. ત્યારે રાત્રીના સમયે વિવિધ ધાર્મિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેમા ટીવી કલાકાર પ્રફુલ્લભાઈ સહિત તેમણાં સાથી કલાકારોએ હજારોની સંખ્યામાં ઉપસ્થિત ગણેશ ભક્તોના દિલજીતી લીધા હતા. જયારે ગણેશ મંડળ દ્વારા ગત વર્ષની જેમ વિવિધ સાંસ્કૃતિક તથા ધાર્મિક કાર્યક્રમો સહિત યોજવામાં આવી રહ્યા છે.